# Effect of Language Creativity Test for the Students of Standard VII

AJAY NAYI
Ph. D. Research Scholar,
Dept. of Education,Ganpat University, Kherva

DR. KOKILABEN PAREKH
Research Guide,
Dept. of Education, Ganpat University, Kherva

## ૧. પ્રસ્તાવના

ભાષા પોતાના મૂળ રૂપમાં ધ્વનિ પર આધારિત છે. જે બોલી અને સાંભળી શકાય છે. પરંતુ કાળ અને સ્થાનની દૃષ્ટિએ તેની એક સીમા છે. ભાષા ત્યારે સાંભળી શકાય છે જ્યારે બોલવામાં આવે છે અને ત્યાં સુધી સાંભળી શકાય છે જ્યાં સુધી અવાજ પહોંચી શકે છે. કાળ અને સ્થાનની આ સીમારેખાના બંધનથી ભાષાને મુક્ત કરવા માટે લિપિનો જન્મ થયો. માનવીની જ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજીની વિકાસ યાત્રામાં લેખિત અભિવ્યક્તિનું અમૂલ્ય યોગદાન છે. આદિમાનવથી આધુનિક માનવની સફરમાં માનવી સતત સર્જનશીલ રહ્યો છે. માનવ વિકાસના મૂળમાં તેનામાં રહેલી સર્જન શક્તિ છે. સર્જનશીલતા હૃદયના ભાવો, મનમાં ઉઠતી અનેક વિધ કલ્પનાઓ અને સંવેદનાઓની શ્રેષ્ઠતમ ફલશ્રુતિ છે. જે મુક્ત મને કલ્પના લોકમાં વિહાર કરી શકે છે તે જ શ્રેષ્ઠ સર્જન કરી શકે છે. કવિ, ચિત્રકાર, લેખક કે શિલ્પીની પોતાની ભાવોર્મિઓ, વિચારો અને કલ્પનાઓને જ્યારે સાકાર સ્વરૂપ સાંપડે છે ત્યારે બેનમૂન કલાકૃતિની વિશ્વને ભેટ મળે છે. આથી વિદ્યાર્થીઓમાં રહેલી બીજભૂત સર્જનાત્મકતાને ઓળખવી અને પોષવી તે અતિ આવશ્યક છે અને આ મહત્ત્વપૂર્ણ જવાબદારી શિક્ષણની જ છે. શિક્ષણ પ્રક્રિયામાં બાળકની સર્જનાત્મકતાને પ્રાથમિક કક્ષાથી જ સભાનપણે વિકસાવવામાં આવે તો કેટલાક પરિબળોને કારણે કુંઠિત થતી રોકી શકાય, શિક્ષણને એક નૂતન દૃષ્ટિ મળે અને ભવિષ્યમાં એનાં મીઠાં ફળ ચાખી શકાય. એવું સંશોધક દઢપણે માને છે. આ માટે પ્રશ્ન સહજ ઉપસ્થિત થયો કે પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મકતાનું માપન કઈ રીતે કરવું ? પ્રાથમિક શાળા કક્ષાએ ગુજરાતી ભાષાની લેખિત સર્જનાત્મકતા માપન માટે કોઈ કસોટી અસ્તિત્વમાં નથી. વળી ગુજરાતમાં આ ક્ષેત્રે ખૂબ જ જૂજ કામ થયું છે. આથી આ બાબતને દૃષ્ટિબિંદુમાં રાખી સંશોધકે પ્રાથમિક શાળાના ધોરણ-૭ના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીની રચના કરી તેનું પ્રમાણીકરણ કરવાનો સંનિષ્ઠ નમ્ર પ્રયાસ કર્યો છે.

## ૨. અભ્યાસના હેતુઓ

૧. ધોરણ-૭ના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીની રચના કરવી.

૨. ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટી પરના ધોરણ-૭ના વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકો પર શાળાના પ્રકારની અસરનો અભ્યાસ કરવો.

૩. સંશોધનની ઉત્કલ્પનાઓ

**$Ho_1$:** સરકારી શાળાના કુલ વિદ્યાર્થીઓ અને ખાનગી શાળાના કુલ વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_2$:** સરકારી શાળાના છોકરાઓ અને ખાનગી શાળાના છોકરાઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_3$:** સરકારી શાળાની છોકરીઓ અને ખાનગી શાળાની છોકરીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_4$:** સરકારી શાળાના છોકરાઓ અને સરકારી શાળાની છોકરીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_5$:** ખાનગી શાળાના છોકરાઓ અને ખાનગી શાળાની છોકરીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_6$:** સરકારી શાળાના છોકરાઓ અને ખાનગી શાળાની છોકરીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_7$:** સરકારી શાળાની છોકરીઓ અને ખાનગી શાળાના છોકરાઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

૪. નિદર્શ

વ્યાપવિશ્વનું પ્રતિનિધિત્વ ધરાવતો નાનો સમૂહ એટલે નિદર્શ. પ્રસ્તુત અભ્યાસ માટે સ્તરીકૃત યાદચ્છિક ઝૂમખા પદ્ધતિથી નમૂનો પસંદ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે ગાંધીનગર જિલ્લાને કલોલ, માણસા, દહેગામઅને ગાંધીનગર એમ ચાર તાલુકાઓમાં વિભાજિત કરી દરેક તાલુકાની ગ્રામ્ય વિસ્તારની ૦૨ શાળાઓ પૈકી ૦૧ સરકારી અને ૦૧ ખાનગી તેમજ શહેરી વિસ્તારની ૦૨ શાળાઓ પૈકી ૦૧ સરકારી અને ૦૧ ખાનગી શાળાની પસંદગી યાદચ્છિક રીતે કરવામાં આવી. આમ, તાલુકાવાર ૦૨ ગ્રામ્ય અને ૦૨ શહેરી વિસ્તારની ૦૪ શાળાઓ પ્રમાણે ચાર તાલુકાઓમાંથી કુલ ૧૬ શાળાઓની પસંદગી કરવામાં આવી. પસંદ થયેલ શાળાઓમાંથી ધોરણ-૭ના એક વર્ગની પસંદગી યાદચ્છિક લોટરી દ્વારા કરવામાં આવી અને આ રીતે પસંદ થયેલા વર્ગના તમામ વિદ્યાર્થીઓની ઝૂમખા પદ્ધતિ દ્વારા પસંદગી કરવામાં આવી. આમ, અંતિમ અજમાયશ માટે કુલ ૧૬ શાળાઓમાંથી ૯૨૬ વિદ્યાર્થીઓની પસંદગી સ્તરીકૃત યાદચ્છિક ઝૂમખા નમૂના પસંદગી દ્વારા કરવામાં આવી.

૫. સંશોધનની ક્ષેત્ર મર્યાદાઓ

પ્રસ્તુત સંશોધનમાં નીચે દર્શાવ્યા મુજબ મર્યાદાઓ સ્વીકારવામાં આવી છે.

૧. પ્રસ્તુત સંશોધનમાં માત્ર ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૨. પ્રસ્તુત સંશોધનમાં માત્ર ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૭ના વિદ્યાર્થીઓનો જ સમાવેશ કરવામાં આવ્યો છે.

૩. પ્રસ્તુત સંશોધન માટે રચિત સર્જનાત્મક કસોટીનું સ્વરૂપ શાબ્દિક છે. આ કસોટી દ્વારા સર્જનાત્મકતાનું માપન માત્ર લેખિત અભિવ્યક્તિ દ્વારા જ શક્ય છે.

૪. પ્રસ્તુત કસોટી વર્ષ ૨૦૦૭ -૦૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉપર પ્રમાણિત થઈ છે તેથી પરિણામોનું અર્થઘટન કરતી વખતે આ વર્ષને નજરમાં રાખવું જરૂરી છે.

## ૬. સંશોધનનાં તારણો

૧. સરકારી શાળાના કુલ વિદ્યાર્થીઓ અને ખાનગી શાળાના કુલ વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકો પર શાળા પ્રકારની મુખ્ય અસર સાર્થક જોવા મળી. એટલે કે ખાનગી શાળાના વિદ્યાર્થીઓ કરતાં સરકારી શાળાના વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષાની સર્જનાત્મકતા ઊંચી જોવા મળી.

૨. સરકારી શાળાના છોકરાઓ અને ખાનગી શાળાના છોકરાઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકો પર સાર્થક અસર જોવા મળી. એટલે કે ખાનગી શાળાના છોકરાઓ કરતાં સરકારી શાળાના છોકરાઓની ગુજરાતી ભાષાની સર્જનાત્મકતા ઊંચી જોવા મળી.

૧. સરકારી શાળાની છોકરીઓ અને ખાનગી શાળાની છોકરીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકો પર સાર્થક અસર જોવા મળી. એટલે કે ખાનગી શાળાની છોકરીઓ કરતાં સરકારી શાળાની છોકરીઓની ગુજરાતી ભાષાની સર્જનાત્મકતા ઊંચી જોવા મળી.

૨. સરકારી શાળાના છોકરાઓ અને સરકારી શાળાની છોકરીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકો પર સાર્થક અસર જોવા મળી નથી. એટલે કે ગુજરાતી ભાષાની સર્જનાત્મકતાની બાબતમાં સરકારી શાળાના છોકરાઓ અને છોકરીઓ સમાન જોવા મળે છે.

૩. ખાનગી શાળાના છોકરાઓ અને ખાનગી શાળાની છોકરીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકો પર સાર્થક અસર જોવા મળી નથી. એટલે કે ગુજરાતી ભાષાની સર્જનાત્મકતાની બાબતમાં ખાનગી શાળાના છોકરાઓ અને છોકરીઓ સમાન જોવા મળે છે.

૪. સરકારી શાળાના છોકરાઓ અને ખાનગી શાળાની છોકરીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકો પર સાર્થક અસર જોવા મળી નથી. એટલે કે ગુજરાતી ભાષાની સર્જનાત્મકતાની બાબતમાં સરકારી શાળાના છોકરાઓ અને ખાનગી શાળાની છોકરીઓ સમાન જોવા મળે છે.

૫. સરકારી શાળાની છોકરીઓ અને ખાનગી શાળાના છોકરાઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકો પર સાર્થક અસર જોવા મળી. એટલે કે ખાનગી શાળાના છોકરાઓ કરતાં સરકારી શાળાની છોકરીઓની ગુજરાતી ભાષાની સર્જનાત્મકતા ઊંચી જોવા મળી.

## સંદર્ભ પુસ્તકો


૧. ઉચાટ, ડી. એ. (૧૯૯૭). સંશોધન દરખાસ્તની રચના, સંશોધન સમસ્યા પસંદગીના સૈદ્ધાંતિક અને વ્યવહારુ આધારો, રાજકોટ : પારસ પ્રકાશન.

૨. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, મનોવિજ્ઞાન, ધોરણ-૧૨ (૨૦૦૫), પ્રથમ આવૃત્તિ, 'વિદ્યાયન', સેક્ટર-૧૦-છ, ગાંધીનગર.

૩. દરજી, ડી. જી. (૧૯૯૭). શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન પ્રવિધિઓ, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,

૪. દેસાઈ, કે. જી. (૧૯૭૩). શૈક્ષણિક મનોવિજ્ઞાન, અમદાવાદઃ જયભારત પ્રકાશન.

૫. દેસાઈ, કે. જી. અને એચ. જી. દેસાઈ, (૧૯૮૯). મનોવૈજ્ઞાનિક માપન, અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

૬. દેસાઈ, એચ. જી. અને એમ. ડી. ત્રિવેદી (૧૯૮૨). શૈક્ષણિક સંશોધનની રૂપરેખ, રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

૭. દેસાઈ, હરિભાઈ જી. અને કૃષ્ણકાંત જી. દેસાઈ. (૧૯૮૯). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ, અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

૮. પટેલ, આર. એસ. (૨૦૦૯). શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ, અમદાવાદ : જય પબ્લિકેશન.

૯. પટેલ, મોતીભાઈ મ. (૧૯૮૫). વિચાર અભિવ્યક્તિનું શિક્ષણ, અમદાવાદઃ પાર્શ્વ ટ્રેડર્સ, પ્રકાશ હાઈસ્કૂલ કંપાઉન્ડ.

૧૦. બાયતી, જમનાદાસ (૧૯૮૦). સર્જનાત્મક કે લિયે શિક્ષા, આગ્રાઃ વિનોદ પુસ્તક મંદિર.

૧૧. ભટ્ટ, દિલીપ સુપ્રભાતમ્ કોલમ, સંદેશ સમાચારપત્ર, અમદાવાદ આવૃત્તિ, ૨૪-૨-૨૦૦૨.

૧૨. ભોગાયતા, ચંદ્રકાન્ત (૧૯૯૬-૯૭). સર્જનાત્મક શિક્ષણ, ભાવનગરઃ શ્રી ગુ.હ. સંઘવી શિક્ષણ મહાવિદ્યાલય.

૧૩. વાળંદ, જે. બી. અને જે. સી. બ્રહ્મભટ્ટ. (૧૯૮૫). માતૃભાષામાં સર્જનાત્મક અભિવ્યક્તિ, શ્રી બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસાઃ દ્વિતીય આવૃત્તિ.